# ચિદમ્બરમ્‌નું હળવુંફૂલ બજેટ

## ફ્રીઝ, એસી મોબાઈલ, એસયુવી વધુ સસ્તી થઈ : ૧૦ કરોડ લોકોને રોજગારી આપવા ટાર્ગેટ

નવી દિલ્હી,તા.૧૭

નાણાંપ્રધાન પી ચિદમ્બરમ્ લોકસભાની ચૂંટણી પહેલાંનું યુપીએ સરકારનું છેલ્લુ બજેટ વચગાળાના બજેટ તરીકે રજૂ કર્યું હતું જેમાં નાણામંત્રીએ ઈન્કમટેક્સના સ્લેબ યથાવત્ રાખ્યા હતા પરંતુ એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ ઘણી ચીજવસ્તુઓ સસ્તી થશે જેમાં મોબાઈલ, કાર, એસયુવી, દેશી સાબુનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ફ્રીઝ, એસી પણ સસ્તા થશે. નાણામંત્રીએ વચગાળાનું બજેટ રજૂ કરતી વેળા કાર અને ટુ વ્હીલર્સ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં મોટા કાપની જાહેરાત કરી હતી. કન્ઝ્યુમર અને ઓટો સેક્ટરમાં આના કારણે ખુશીનું મોજું ફરી વળ્યું હતું. આ ઉપરાંત જુદા જુદા સેક્ટરોને કરવામાં આવેલી ફાળવણીમાં પણ વધારો કરવાની નાણામંત્રીએ જાહેરાત કરી હતી. વિદેશી રોકાણને કોઈપણ કિંમતે રોકવામાં ન આવે તેવી ખાતરી તેમણે કરી હતી. નાણામંત્રીએ ભાવિ રોડમેપ માટે ૧૦ ટાર્ગેટ નક્કી કર્યા હોવાની વાત કરી હતી અને કહ્યું હતું કે પીપીપીની મદદ લેવામાં આવે તે અતિ જરૂરી છે. સાથે સાથે જીએસટીને અમલી કરવાની દિશામાં આગળ વધવામાં આવે તે જરૂરી છે. નાણામંત્રીએ ટેલિકોમ, ઉડ્ડયન જેવા ક્ષેત્રોમાં એફડીઆઈ રોકાણ ઉપર ભાર મૂક્યો હતો. સાથે સાથે રેલવે ઉપર પણ વધારે ભાર મૂકવાની વાત કરી હતી. ચિદમ્બરમ્ દાવા સાથે જણાવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં યુપીએ સરકારે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. આ સિદ્ધિઓના પરિણામ સ્વરૂપે લોકોનું જીવન ધોરણ સુધર્યું છે. તેમણે કહ્યું હતું કે યુપીએ સરકારની જે સૌથી મોટી સિદ્ધિ પૈકીની એક સિદ્ધિ એ છે કે ૧૪ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં સફળતા મળી છે. આ ઉપરાંત અનાજનું ઉત્પાદન રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યું છે. ૨૬૩ મિલિયન ટન અનાજનું ઉત્પાદન થયું છે. આવી જ રીતે બે લાખ ૩૫ હજાર મેગા વોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. યુપીએ સરકારની અન્ય જે સિદ્ધિઓ મહત્વપૂર્ણ રહી છે તેમાં ખાંડને અંકુશમુક્ત કરવાની બાબતનો સમાવેશ થાય છે. ઉપરાંત ડીઝલની કિંમતોમાં પણ સુધારા થઈ રહ્યા છે. જમીન અધિગ્રહણ કાયદો બનાવવામાં આવ્યો છે. ૬૭ ટકા દેશની વસ્તીને અનાજ ઉપલબ્ધ કરાવવામાં સફળતા મળી છે. વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવી રહેલા પોલીસી પેરાલિસીસના આરોપ બિલકુલ આધારવગરના છે. ૧૦ વર્ષના ગાળામાં ૬.૬ ટકાનો વિકાસદર રહ્યો છે. દેશમાં પ્રવર્તી રહેલી સ્થિતિનો ઉલ્લેખ કરતા પ્રધાને કહ્યું હતું કે દુનિયાભરના દેશોમાં આર્થિક સંકટની અસર ભારત ઉપર પણ રહી છે. આર્થિક સંકટથી અમેરિકા અને ચીન જેવા દેશો પણ બચી શક્યા નથી. ચીન અને યુરોપમાં પણ વિકાસદર ઘટ્યો છે. ચૂંટણી પહેલા યુપીએ સરકારનું અંતિમ બજેટ રજૂ કરતી વેળા ચિદમ્બરમ્ ઘણી બધી બાબતોને ધ્યાનમાં લીધી હતી. તેમણે કહ્યું હતું કે વિકાસશીલ દેશ સંકટનો સામનો કરી રહ્યા છે. જો કે ભારતે આર્થિક સંકટનું સફળતાપૂર્વક સામનો કર્યો છે. વિદેશી હુડિયામણ ભંડોળમાં વધારો કરવામાં સફળતા મળી છે. અર્થવ્યવસ્થાને પાટા ઉપર લાવવાના પ્રયાસોમાં સફળતા મળી છે. કૃષિ પેદાશોની નિકાસમાં વધારો થયો છે. દેશમાં ખાદ્યાન ઉત્પાદનમાં વધારો થયો છે. કૃષિ વિકાસદર ૪.૬ ટકા રહેવાનો દાવો કરતા પ્રધાને કહ્યું હતું કે આયાતમાં ઘટાડો થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે મેન્યુફેક્ચરીંગને પ્રોત્સાહન મળશે. ૨૯૬ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. ૧૦ વર્ષમાં ૧૦ કરોડ રોજગારીની તકો સર્જવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં ઘણા બધા પગલાં લેવામાં આવ્યા છે જેના ભાગરૂપે ૩૯૧૪૪ કિલોમીટરના નવા રસ્તા બનાવવામાં આવ્યા છે. વીજળી ઉત્પાદનને વધારવામાં આવ્યું છે. નવા રેલવે ટ્રેક બીછાવવામાં આવ્યા છે. આ વર્ષે રૂપિયા ઉપર દબાણની સ્થિતિ રહી હતી છતાં વીજળી ઉત્પાદનને વધારવામાં સફળતા મળી છે. જુદા જુદા રાજ્યોને કરવામાં આવતી ફાળવણીમાં પણ પ્રધાને વધારો કર્યો હતો જે પૈકી પહાડી રાજ્યોને ૧૨૦૦ કરોડ રૂપિયા આપવાની વાત કરી હતી. ટેકનોલોજીના વિકાસ માટે ૧૦૦ કરોડ રૂપિયા તથા નિર્ભયા ફંડ માટે ૧૦૦૦ કરોડ આપવાની વાત કરી હતી. સ્કીલ્ડ ડેવલોપમેન્ટ માટે ૧૦૦૦ કરોડ આપવાની તેમણે વાત કરી હતી. પ્રધાને કહ્યું હતું કે ૫૭ કરોડ લોકોને આધાર નંબર આપી દેવામાં આવ્યા છે. લઘુમતી મંત્રાલયનું ૩૭૧૧ કરોડ રૂપિયા ઉપલબ્ધ કરવામાં આવશે જ્યારે રેલવેને ૨૯૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે. ૨૪૬ લાખ કરોડની સબસિડી અપાશે. ફ્યુઅલ સબસીડીનો આંકડો પણ ખૂબ ઊંચો રહેશે. નાણામંત્રીએ જે અતિ મહત્વપૂર્ણ જાહેરાત કરી તેમાં વન રેન્ક વન પેન્શનનો સમાવેશ થાય છે. આ પ્રસ્તાવને લીલીઝંડી આપવામાં આવ્યા બાદ આને આ વર્ષથી અમલી બનાવવામાં આવશે. આના માટે ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. બીજી બાજુ સરંક્ષણ ખર્ચમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કૃષિ લોનમાં બે ટકાની વ્યાજમાફી યોજનાને જારી રાખવાની તેમને ખાતરી આપી હતી. ૮ હજારથી વધુ બેંક શાખાઓ દેશભરમાં નવી ખુલી હોવાની પણ તેમણે વાત કરી હતી.

**ઈન્કમટેક્સ યથાવત્ : એક્સાઈઝ ડ્યુટીમાં મોટા ઘટાડાની જાહેરાત : સંરક્ષણ ક્ષેત્રમાં ફાળવણીમાં ૧૦ ટકાનો જંગી વધારો**



**રૂપિયો ક્યાંથી આવશે**

| | |
|---|---|
| કેન્દ્રિય એક્સાઈઝ ડ્યુટી | ૯ પૈસા |
| કસ્ટમ ડ્યુટી | ૧૦ પૈસા |
| ઈન્કમ ટેક્સ | ૧૪ પૈસા |
| ધીરાણા-અન્ય પાત્રતા | ૨૫ પૈસા |
| કોર્પોરેશન ટેક્સ | ૨૧ પૈસા |
| સર્વિસ ટેક્સ-અન્ય ટેક્સ | ૧૦ પૈસા |
| બિન ટેક્સ મહેસુલ | ૮ પૈસા |
| નોન-ડેબ્ટ કેપિટલ રિસિપ્ટ્સ | ૩ પૈસા |
| કુલ | ૧૦૦ પૈસા |

**રૂપિયો ક્યાં જશે**

| | |
|---|---|
| ટેક્સ-ડ્યુટીમાં રાજ્યોનો હિસ્સો | ૧૮ પૈસા |
| અન્ય બિન યોજના ખર્ચ | ૧૧ પૈસા |
| સબસિડી | ૧૨ પૈસા |
| સંરક્ષણ | ૧૦ પૈસા |
| રાજ્યો-કેન્દ્રશાષિતને બિન યોજના સહાય | ૩ પૈસા |
| રાજ્યો-કેન્દ્ર શાશિતને યોજના સહાય | ૧૬ પૈસા |
| કેન્દ્રિય યોજના | ૧૦ પૈસા |
| વ્યાજ ચુકવણી | ૨૦ પૈસા |
| કુલ | ૧૦૦ પૈસા |

## નિર્ભયા ફંડને વધુ ૧૦૦૦ કરોડની ફાળવણી કરાઈ છે

નવી દિલ્હી, તા.૧૭

નાણામંત્રી પી. ચિદમ્બરમ્ આજે મહિલાઓની સુરક્ષા અને તેમને વધુ તાકાત આપવાના હેતુસર નિર્ભયા ફંડને વધારાના ૧૦૦૦ કરોડની ફાળવણી કરી હતી. સંસદમાં વચગાળાનું બજેટ રજૂ કરતી વેળા ચિદમ્બરમ્ કહ્યું હતું કે નિર્ભયા ફંડ એક અગ્રણી ફંડ તરીકે રહેશે. તેમણે નોનલેપ્સેબલ તરીકે ૧૦૦૦ કરોડની ગ્રાન્ટ જાહેર કરી હતી અને સાથે સાથે વધુ દરખાસ્તોને ટેકો આપવાની ખાતરી આપી હતી. આગામી વર્ષે બીજા ૧૦૦૦ કરોડના ફંડની તેમણે જાહેરાત કરી હતી. ગયા વર્ષના બજેટમાં ચિદમ્બરમ્ ૧૦૦૦ કરોડના નાણાં સાથે નિર્ભયા ફંડની જાહેરાત કરી હતી. દિલ્હીમાં ચાલતી બસમાં બળાત્કારનો શિકાર થયેલી પેરામેડીકલની વિદ્યાર્થીનીને શ્રદ્ધાંજલિ આપવાના હેતુસર તથા આવા બનાવ ન બને તે હેતુસર ૧૦૦૦ કરોડના ફંડ સાથે નિર્ભયા ફંડની રચના કરાઈ હતી. મહિલાઓના ગૌરવ અને સુરક્ષાની ખાતરી કરવા નિર્ભયા ફંડની રચના કરાઈ હતી. કેબીનેટે પણ ફંડથી ટેકો મળે તે માટે વધુ બે દરખાસ્તને મંજૂરી આપી હતી. જાન્યુઆરી મહિનામાં આર્થિક બાબતો અંગેની કેબીનેટ સમીતીએ સત્તાવારાઓને એલેર્ટ કરે તે માટે એલાર્મ બટન ઉપલબ્ધ કરાવવા તથા જાહેર પરિવહન ઉપર નજર રાખવા માટે ૧૪૦૫ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટમાં જાહેર પરિવહનના સાધનોમાં ક્લોઝ સર્કિટ ટેલિવિઝન (સીસી ટીવી) અને જીપીએસની રચનાનો સમાવેશ થાય છે. સરકારે મોટા શહેરોમાં દોડતા જાહેર પરિવહનના વાહનો માટે આ વ્યવસ્થા ગોઠવી કાઢવા ૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૪ સુધીની મહેતલ નક્કી કરી છે.

## તમામ શિક્ષણ લોન ઉપર રોકની અવધિની દરખાસ્ત

### ચિદમ્બરમના પ્રસ્તાવથી ૯ લાખ લોન લેનાર વિદ્યાર્થીને ફાયદો થશે

નવી દિલ્હી,તા.૧૭

આગામી થોડાક મહિનામાં સામાન્ય ચૂંટણી યોજનાર છે ત્યારે નાણાંમંત્રી પી ચિદમ્બરમે મધ્યમવર્ગના પરિવારો, વિદ્યાર્થીઓને આકર્ષિત કરવાના મર્યાદિત પ્રયાસો કર્યા હતા. ચિદમ્બરમે શૈક્ષણિક લોન માટે વિદ્યાર્થીઓને આકર્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો. ૩૧મી માર્ચ ૨૦૦૯ સુધી લેવામાં આવેલી તમામ શિક્ષણ લોન પર માફીની અવધિની દરખાસ્ત મુકી છે. શિક્ષણ લોન પર રોકની અવધિની દરખાસ્તને લઈને ૨૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.માફીના ગાળાની જાહેરાત કરતા વિદ્યાર્થીઓ ખુશ દેખાઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે સરકાર ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ મુજબ બાકી વ્યાજ માટે નાણાં વસૂલ કરશે. પરંતુ લોન લેનાર વ્યક્તિ પહેલી એપ્રિલ ૨૦૧૪ બાદ આ ગાળા માટે વ્યાજ ચૂકવશે. નાણાંમંત્રીએ કહ્યુ હતુ કે આશરે ૯૦૦૦૦૦ વિદ્યાર્થી- લોન લેનારને આશરે ૨૬૦૦ કરોડનો ફાયદો થશે. પ્રધાને કહ્યુ હતુ કે શૈક્ષણિક લોન પર વ્યાજ સબસિડી સ્કીમની જવાબદારી સંભાળનાર નોડલ બેંક કેનેરા બેંકમાં ૨૩૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે. વ્યાજસબસિડીની આ સ્કીમ શૈક્ષણિક લોન માટે ૨૦૦૯-૧૦ માટે રજુ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય કરાયો હતો. નાણામંત્રીએ આંકડા રજુ કરતા કહ્યુ હતુ કે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૩ મુજબ રાષ્ટ્રીયકૃત બેંકોમાં એજ્યુકેશનલ લોન પોર્ટફોલિયોનો આંકડો ૨૫૭૦૨૫૪ ખાતાઓમાં ૫૭૭૦૦ કરોડની આસપાસનો પહોંચ્યો છે. રવિવારના દિવસે જ ડીએમકે દ્વારા શૈક્ષણિક લોન માફ કરવાની માંગ કરીને રજુઆત કરી હતી. નાણાંમંત્રીએ યુવાઓને કૌશલ્ય વિકાસમાં સફળતા અપાવવાના હેતુસર નેશનલ સ્કીલ્ડ ડેવલોપમેન્ટ હેઠળ ૧૦૦૦ કરોડ રૂપિયા આપવાની દરખાસ્ત રજુ કરી છે. સ્કીલ્ડ ડેવલોપમેન્ટની વાત તાજેતરમાં જ ગુજરાતના મુખ્યમંત્રી મોદી દ્વારા પણ કરવામાં આવી રહી હતી. ચિદમ્બરમે નરેન્દ્ર મોદીને યોગ્ય જવાબ આપીને આનો સંકેત આપી દીધો છે. સ્કીલ્ડ ડેવલોપમેન્ટને પ્રાથમિકતા અપાવવાની વાત કરવામાં આવી છે.

## સબસીડી પર કુલ ૨.૫ લાખ કરોડનો ખર્ચ થશે

ફૂડ, ખાતર અને ફ્યુઅલ સબસિડી ઉપર સરકાર દ્વારા ૨.૫ લાખ કરોડનો ખર્ચ ૨૦૧૪-૧૫માં કરવામાં આવશે. નાણામંત્રી પી ચિદમ્બરમ્ ભારે ઉત્સુકતા વચ્ચે વચગાળાનું બજેટ રજૂ કરતી વેળા કહ્યુ હતુ કે સરકાર ફૂડ, ખાતર અને ફ્યુઅલ સબસિડી ઉપર જંગી ખર્ચ કરનાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જ્યાં સુધી નવી સરકારની રચના કરવામાં ન આવે ત્યાં સુધી જાહેર નાણાંને લઈને સાવચેતી રાખવામાં આવે તે જરૂરી છે. ચિદમ્બરમ્ ભારે ધાંધલ ધમાલ વચ્ચે લોકસભામાં વોટ અન એકાઉન્ટ રજૂ કર્યુ હતું જેમાં તેઓએ ફૂડ, ખાતર અને ફ્યુઅલ સબસિડી ઉપર કરવામાં આવનાર ખર્ચની વાત કરી હતી. મે મહિનામાં લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે નાણામંત્રીએ ચાર મહિના માટેનું વચગાળાનું બજેટ રજૂ કર્યુ હતું. નાણામંત્રીએ ખાતર અને ફ્યુઅલ સબસિડીના મુદ્દા ઉપર વિસ્તારપૂર્વક રજૂઆત કરી હતી અને આંકડાકીય વિગત પણ આપી હતી. તેમણે કહ્યું હતું કે સબસીડી ઉપર યુપીએ સરકારની ચાંપતી નજર રહી છે. સબસિડીના આંકડા પણ સાવધાનીપૂર્વક તૈયાર થઈ રહ્યા છે.


## સમાચાર ઝલક

- વડોદરામાં નવી મહિલા જેલની શરૂઆત કરાઇ, ૧૦ મોટી અને ૮ નાની બેરેક્સની વ્યવસ્થા.
- ભારતમાં મોટાભાગનાં લોકોનો ભગવાન પરથી વિશ્વાસ ડગી ગયો છે : એક સર્વે.
- સુરતમાં પતિ દ્વારા હોટલમાં પત્ની પર મિત્રો પાસે બળાત્કાદ્દ કરાવાયો, પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ.
- કાંકરેજ ગાય લુપ્તતાના આરે.
- કેન્દ્રિય કર્મચારીઓની પેન્શન અરજી ઓનલાઇન કરાઇ, ધક્કામાંથી રાહત.
- સી.ટી.એસ. રીટર્ન કલીયરીંગ બાબતે જબરો દેકારો, બેંકો બહિષ્કારના મૂડમાં.
- લાલ લાઇટ મુદ્દે ફરી સુપ્રીમની રાજય અને કેન્દ્ર સરકારને નોટીસ.
- સોનાની આયાતના નિયમો વધુ આકરા કરતી રિઝર્વ બેંક.
- શ્વાનને પણ કાયદો લાગુ પડે! શ્વાન સામે ઉત્તરપ્રદેશનાં બુલંદશહેરમાં ફરિયાદ નોંધાઇ.
- આંબે મોર આવ્યા બાદ સખ્ત ઠંડીને કારણે કેરીના ઉત્પાદન પર ગંભીર ખતરો.
- જી.ઇ.બી.ના ૬૫૦૦ ડિફોલ્ટર્સ પાસે રૂા. ૪૦૦૦ કરોડની વસૂલાત બાકી.
- બિહારમાં કન્યાઓને સરકાર તરફથી સેનીટરી નેપકીન આપવાની યોજના.
- પાલીતાણામાં હિંસા, ગૌવંશ હત્યા સામે સ્વયંભૂ બંધ.
- મુંબઇ દરિયા કિનારાની સુરક્ષા ખતરામાં.
- ૨૩મી ફેબ્રુઆરીથી 'આપ' ભ્રષ્ટાચાર વિરોધી રાષ્ટ્રવ્યાપી આંદોલન કરશે.
- ગેસ ફાળવણી માટે ફરી એકવાર ગુજરાત સરકાર કોર્ટમાં જશે.
- અમેરિકામાં એક સ્થળે સખત ગરમી તો બીજે છેડે અતિશય ઠંડી.
- વિશ્વની સૌથી સુંદર મહિલાને પરણેલા અભિષેક બચ્ચને સંતોષની લાગણી.
- ભીંવાડીમાં પ્રેતાત્મા પરપ્રાંતીયોને મારી નાંખતો હોવાની અફવાથી કામદારોની હિજરત.
- ભરૂચમાં અડધી કિંમતે વસ્તુની લાલચમાં ૫૦ લાખનું ફૂલેકું ફેરવ્યું.

## વચગાળાના બજેટથી ભાજપ સહિતના વિરોધ પક્ષો નારાજ

નવી દિલ્હી,તા.૧૭

નાણાંપ્રધાન પી ચિદમ્બરમ દ્વારા રજુ કરવામાં આવેલા બજેટની વિરોધપક્ષોએ આજે ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુકે સરકારનું આ ફેરવેલ બજેટ છે. સરકારે તમામ મોરચા પર લોકોનો વિશ્વાસ ગુમાવ્યો છે. લોકો માટે કોઈ પણ નવી ચીજ આમાં આપવામાં આવી નથી. ભાજપના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે કહ્યુ હતુ કે આ બજેટ પ્રાયોગિક રીતે કોઈ બજેટ નથી. સરકારનું આ ફેરવેલ બજેટ છે. સરકાર તમામ મોરચે વિશ્વાસ ગુમાવી ચૂકી છે. ચિદમ્બરમ વિશ્વના અર્થતંત્રની ટકાવારીના આંકડા પાછળ વાસ્તવિકતા છુપાવી રહ્યા છે. નાણાંમંત્રી દ્વારા વચગાળાનું બજેટ ૨૦૧૪-૧૫ રજુ કરવામાં આવ્યા બાદ સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે



અમેરિકા જેવા અન્ય અર્થતંત્રો સાથે સરખામણી બિલકુલ વાજબી નથી કારણ કે આ દેશો ખૂબ મોટા છે અને ભારત કરતા ખૂબ આગળ છે. ભારતીય લોકો ફુગાવા, મોંઘવારી અને ભ્રષ્ટાચારથીગ્રસ્ત છે. આ પ્રશ્નોનો તેમની પાસે કોઈ જવાબ નથી. સરકાર કોઈ બાબત રજુ કરી શકી નથી જેથી આ નિષ્ફળ બજેટ છે. યુપીએ સરકારના છેલ્લા બજેટને ફગાવી દઈને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ કહ્યુ હતુકે વચગાળાના બજેટમાં કોઈ નવી ચીજ નથી. છેલ્લા ૧૦ વર્ષમાં યુપીએ સરકારની સિદ્ધિઓનો આમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચિદમ્બરમે આને ચૂંટણી બજેટ બનાવવાનો પ્રયાસ કર્યો છે પરંતુ આનાથી તેમને કોઈ ફાયદો થશે નહીં. મધ્યમ વર્ગના લોકોને વચગાળાના બજેટમાંથી કોઈ લાભ મળે તેવી ચીજ નથી. સીપીઆઈના નેતા ડી રાજાએ કહ્યુ હતુ કે વચગાળાના બજેટમાં વધારે અપેક્ષા રાખવી યોગ્ય નથી. ચૂંટણી પહેલા તેઓએ માત્ર ચોક્કસ બાબતો રજુ કરી છે. બજેટની ટીકા કરતા રાજાએ કહ્યુ હતુ કે સરકાર ફુડ અને ખાતરો પર સબસિડી ઘટાડી રહી છે. અર્થતંત્ર કટોકટીમાં છે. આગામી ચૂંટણી બાદ સત્તામાં આવનાર કોઈ પણ સરકાર માટે સ્થિતિ ખૂબજ પડકારરૂપ રહેશે. ચિદમ્બરમ મજબુત અર્થતંત્ર રજુ કરીને જઈ રહ્યા નથી. તેમના ભાષણના અંતે મતદારોને પ્રભાવિત કરવાના ચિદમ્બરમે પ્રયાસ કર્યા હતા.

## રેટીંગ ડાઉનગ્રેડનો કોઈ ખતરો નથી : નાણામંત્રી

નવી દિલ્હી,તા.૧૭

વચગાળાના બજેટ તરીકે જાણીતા વોટ ઓન એકાઉન્ટ ૨૦૧૪ રજૂ કરતી વેળા નાણામંત્રી પી ચિદમ્બરમ્ કહ્યુ હતું કે તેમની સરકાર કોઈપણ સંસ્થાઓ તરફથી રેટિંગ ડાઉન ગ્રેડના ખતરાનો સામનો કરી રહી નથી. તેમની સરકારે ભારતના ક્રેડીટ રેટીંગના ડાઉનગ્રેડને ટાળવામાં સફળતા મેળવી છે. પ્રધાને કહ્યું હતું કે ભારતને સંસ્થાઓ તરફથી રેટિંગ ડાઉન ગ્રેડનો કોઈપણ ખતરો નથી. અમારા મુખ્ય હેતુ નાણાંકીય મજબૂતી માટેના રહ્યા છે. કિંમતોને સ્થિર કરવાના પ્રયાસો થયા છે. રેટીંગ એજન્સીઓ પણ અમારા પ્રયાસોથી સંપૂર્ણપણે વાકેફ છે. તેલંગાણા બિલના મુદ્દે ભારે ધાધલ ધમાલની સ્થિતિ વચ્ચે ચિદમ્બરમ્ તેમના ભાષણની શરૂઆત કરી હતી અને કહ્યું હતું કે ભારતીય અર્થતંત્રના પાસાં ખૂબ જ મજબૂત રહ્યા છે પરંતુ વૈશ્વિકસ્તરે રહેલી મંદીની અસર ભારત ઉપર પણ થઈ છે. ઊભરતા માર્કેટને આની અસર થઈ છે. નાણામંત્રીએ કેટલાક લોકપ્રિય પગલાંની પણ વાત કરી હતી. યુપીએ સરકાર એક પછી એક કૌભાંડો ને ભ્રષ્ટાચારના કારણે મુશ્કેલીનો સામનો કરી રહી છે ત્યારે આગામી ચૂંટણીમાં મોટી હારના ખતરા વચ્ચે નાણામંત્રીએ બજેટ રજૂ કર્યું હતું. નાણામંત્રીએ ખર્ચ માટેની કેટલીક દરખાસ્તો રજૂ કરી હતી. આગામી થોડાક મહિનાઓ માટે ખર્ચની વિગતો આપી હતી.

## કેજરીવાલના દિલમાં દેશ નહીં પણ સત્તા છે : અણ્ણા

નવી દિલ્હી,તા.૧૭

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારેએ આજે ફરી એકવાર દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે અરવિંદ કેજરીવાલના મનમાં દેશ નહીં પરંતુ માત્ર સત્તા છે. કેજરીવાલ સત્તાના ખૂબ જ લાલચુ છે. જનલોકપાલના મુદ્દા પર દિલ્હીના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપનાર કેજરીવાલ પર તીવ્ર પ્રહારો કરતા અણ્ણાએ આ મુજબની વાત કરી છે. અણ્ણાનું કહેવું છે કે કેજરીવાલના દિલમાં દેશ અને સમાજ નહીં બલ્કે સત્તા છે. અણ્ણાના આ નિવેદનથી ભ્રષ્ટાચારને લઈને અરવિંદ કેજરીવાલ અને અણ્ણા હઝારે ફરી સાથ આવશે તેવી ચર્ચાઓનો અંત આવી ગયો છે. અણ્ણાએ આજે જનલોકપાલના મુદ્દે રાજીનામું આપી દેનાર કેજરીવાલના વલણ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. અણ્ણાએ કહ્યું હતું કે જો જનલોકપાલને લઈને કોઈ બંધારણીય મજબૂરી હતી તો કેજરીવાલને ભાજપ અને કોંગ્રેસની સાથે બેસીને ઉકેલવાની જરૂર હતી. આના માટે રાજીનામું આપવાની કોઈ જરૂર ન હતી. તેમણે કહ્યું હતું કે કેજરીવાલના મનમાં સમાજ અને દેશ નથીં બલ્કેસત્તા છે. કેજરીવાલ સત્તાની પાછળ પડી ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જનલોકપાલ બિલ દિલ્હી વિધાનસભામાં રજૂ કરવામાં નિષ્ફળતા હાથ લાગ્યા બાદ કેજરીવાલે રાજીનામું આપી દીધું હતું. કેજરીવાલના રાજીનામાં બાદ દેશભરમાં ફરી એકવાર રાજકીય ગરમી વધી ગઈ હતી. અણ્ણા હઝારેએ કેજરીવાલના રાજીનામાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવીને કહ્યું છે કે કેજરીવાલે બિલકુલ અયોગ્ય પગલું લીધું છે. ભ્રષ્ટાચારની સામે ફરી એકવાર તમામ લોકો એકત્રિત થશે. ત્યારથી જ એવી એટકળો ચાલી હતી કે અણ્ણા અને અરવિંદ કેજરીવાલ ફરી એક સાથે આવી શકે છે. જો કે અણ્ણાના આજના નિવેદનથી આ અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. કેજરીવાલ હાલ લોકસભાની ચૂંટણી તૈયારીમાં છે.

## ગૃહમાં હિંસા મામલે પેનલ દ્વારા ઊંડી ચકાસણી કરાશે

નવી દિલ્હી,તા.૧૭

લોકસભાના અધ્યક્ષ મીરા કુમારે ગૃહમાં તાજેતરમાં જ થયેલી મારામારી, મર્ચાના સ્પ્રેના મારા અને સભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલીના મામલામાં તપાસ કરવા સૂચના આપી દીધી છે. આ મામલો વિશેષાધિકાર પેનલને સોંપી દેવામાં આવ્યો છે. મર્ચાના સ્પ્રેનો ઉપયોગ અને મારામારી જેવા કૃત્યોમાં સામેલ સાંસદો સામે જેલની સજા સહિત જુદા જુદા પગલાં લેવાની તૌયરી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રીવિલેઝ અથવા તો વિશેષાધિકાર પેનલ ગૃહમાં થયેલી હિંસાના મામલામાં તપાસ કરશે જેથી સાંસદો ઉપર ગંભીર પગલાંનો ખતરો તોળાઈ રહ્યો છે. લોકસભા અધ્યક્ષ મીરા કુમારે વિશેષાધિકાર કમીટીને આ મામલો સોંપી દીધો છે. આજે સુરક્ષા પાસાંઓ ઉપર ચર્ચા કરવા કમીટીની બેઠક પણ બોલાવી છે જેમાં ૧૩મી ફેબ્રુઆરીના દિવસે બનેલા બનાવો જેવા કોઈ બનાવ ફરી ન બને તેની ખાતરી કરવામાં આવશે. બે નિર્ણયો દર્શાવે છે કે કુમાર સભ્યોના સસ્પેન્સનના મામલાને માત્ર અહીં સુધી જ દબાવી દેવા માંગતા નથી. સંસદમાં થયેલી હિંસાને લઈને સિવિલ સોસાયટીમાં આની ટીકા થઈ હતી. સુરક્ષા અંગેની કેબિનેટ સમીતિ પણ વર્તમાન વ્યવસ્થાની સમીક્ષા કરનાર છે. સભ્યોના ખરાબ વર્તનની ગંભીર નોંધ લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ વિશેષાધિકાર સમીતિ ગૃહના તિરસ્કારનો મામલો બને છે કે કેમ તેમાં પણ તપાસ કરશે. વિશેષાધિકાર સમીતિ એક એવી સમીતિ છે જેની પાસે સજા કરી શકાય તેવા પગલાં લેવાની ભલામણ કરવાનો અધિકાર રહેલો છે. સજા સાથે સંબંધિત પગલાંમાં જેલની સજા અને હકાલપટ્ટી જેવા પગલાં સામેલ છે. ૧૩મી ફેબ્રુઆરીના દિવસે બનેલા બનાવથી દેશભરના લોકો શરમજનક સ્થિતિમાં મૂકાઈ ગયા હતા અને આની નોંધ લેવાઈ હતી.